

પૂ. સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# ક્ષમાવણી પર્વ



પૂ. બહેનશ્રી ચંપાબેન

આત્માર્થી ભાઈશ્રી/બહેનશ્રી...................................................................................................,

ક્ષમાવણીના આ મંગળકારી પ્રસંગે અમે શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરના ટ્રસ્ટીગણ તથા મુમુક્ષુગણ શ્રી પંચપરમેષ્ઠી ભગવંતો અને જિનવાણી માતા કે જેઓ આપણા મહા હિતકારી છે -- તેમના પ્રત્યે જાણ્યે-અજાણ્યે મન-વચન-કાયાથી ભૂતકાળમાં ક્યારેય, ક્યાંય, કાંઈપણ અવિનયાદિ અપરાધ થયા છે તેની અતિ નમ્રભાવે ભક્તિપૂર્વક ક્ષમાપના ચાહીએ છીએ. ધર્મમાર્ગમાં પા-પા પગલી કરતાં બાળક સમાન આપણા બધા ઉપર જેઓનો મહાન ઉપકાર છે એવાં કૃપાળુ કહાનગુરુદેવ અને ભગવતીમાતા પ્રત્યે તેમ જ સર્વે જ્ઞાનીઓ પ્રત્યે પણ જે કાંઈ અભક્તિરૂપ અપરાધ થયા છે, તે સમસ્તની અત્યંત વિનય-ભક્તિપૂર્વક ક્ષમાપના ચાહીએ છીએ.

આ પુનીત અવસર પર અમારા થકી આપ સહુ સાધર્મીઓનું જાણ્યે-અજાણ્યે, મન-વચન-કાયાથી, કૃત-કારિત-અનુમોદનથી જે કોઈ પ્રકારે દિલ દુભાયું હોય તો તે બદલ અમે ખરા અંતઃકરણથી ક્ષમાપ્રાર્થી છીએ. અમે એવી ભાવના ભાવીએ છીએ કે આપ અને અમે સહુ સમભાવ ધારણ કરીને આત્મ આરાધના-સાધના પથ પર અગ્રેસર થઈએ.

ખરેખર તો અનાદિકાળથી આજ સુધી પ્રત્યેક ક્ષણ, પોતાને શરીરરૂપ માનીને, સ્વયં પ્રતિ મિથ્યાત્વનો મહાન અપરાધ કર્યો છે. હવે આપણે આપણા જ્ઞાયકસ્વભાવ ભગવાન આત્માને જાણી-માની-અનુભવીને તેમાં જ વસી જઈએ-રમી જઈએ તે જ ઉત્તમ ક્ષમા છે. અમે અને આપ સર્વે, આપણાં જીવનમાં આવી નિશ્ચય ઉત્તમ ક્ષમા પ્રાપ્ત કરવાનો સાચો પુરુષાર્થ કરીએ એ જ મંગળ ભાવના છે.

આ ક્ષમાવાણી પર્વનું સમાપન કરતાં પૂ. ગુરુદેવશ્રીની એક ભાવનાને વાગોળીએઃ **‘પરમ સત્ય વાત બહાર આવતાં અસત્યના આગ્રહવાળાને દુઃખ થાય તો ક્ષમા કરજો. ભાઈ ! વસ્તુ તો જે સત્ય હોય, તે સત્ય જ રહેશે. કોઈને અમારા નિમિત્તે દુઃખ ન થાવ, અમારી નિંદા કરીને પણ સુખી થાવ, અમે જેવા છીએ તેવા જાણીને પણ સુખી થાવ. બધા જીવો દ્રવ્યે તો સાધર્મી છે, તેથી બધા જીવો પ્રત્યે અમને સમભાવ છે.’**

અમારા જિનમંદિરમાં બિરાજમાન દેવ-શાસ્ત્ર-ગુરુની પવિત્ર છત્રછાયામાં અમે આત્મ-આરાધના, સ્વરૂપસાધના ને ઉત્તમ ક્ષમાદિની ઉપાસનાનું પર્વ ‘પર્વાધિરાજ શ્રી દશલક્ષણ ધર્મ પર્વ’ નિજ હિતની ભાવનાપૂર્વક ઉત્સાહ-ઉમંગ-ઉલ્લાસ સહ ઉજવ્યું છે. આપ સર્વેએ પણ આપશ્રીનાં નગરમાં આ મંગલ અવસર આવી જ રીતે ઉજવ્યો હશે.

**આપણા બધાનું જીવન આરાધનામય-તત્ત્વાભ્યાસમય હો એ જ પ્રાર્થના....**




**શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ ના**
સમસ્ત ટ્રસ્ટીગણ અને મુમુક્ષુગણ ના જય-જિનેન્દ્ર.

☎ 022 - 2663 1165 | +91 96195 04576 | parlajinmandir@gmail.com | www.parlajinmandir.org | /Parla.Jinmandir | /c/ParlaJinmandir